PM SHRI
NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
समग्र शिक्षा
Samagra Shiksha

જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,
વર્નાક્યુલર હોસ્ટેલ બિલ્ડીંગ, સયાજીગંજ
પ્રા.શાળા નં.૬ અને ૧૫ ના કમ્પાઉન્ડમાં,
સેફ્રોન બિલ્ડીંગની પાછળ, ફતેહગંજ,
વડોદરા. ફોન નં. ૦૨૬૫૨૭૮૮૫૪/૫૬
ટોલ ફ્રી નં.:૧૮૦૦૨૩૩૨૬૭૩

ક્રમાંક:એસએસ/QEM/૨૦૨૫/ ૧૬૨૨૨-૯૬૩૧૪ તા.૧૮/૬/૨૦૨૫

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3773
તારીખ 19/6/25
સહી
કચેરીની સહી

પ્રતિ,
(૧)શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ,
(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,
(૩)બીઆરસી કો–ઓર્ડિનેટરશ્રી તમામ,
જિ.વડોદરા

વિષયઃ શાળા કક્ષાએ ફાળવેલ પ્રથમ હપ્તાની સંયુકત શાળા ગ્રાન્ટમાંથી ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ સ્વચ્છતા એકશન પ્લાનને લગતી પ્રવૃત્તિઓ માટે કરવા અંગે.

સંદર્ભ: માન.સચિવશ્રી, એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ એસએસ/QEM/(પ્રા. અને સે.સ્કૂ.ગ્રા.)/ ૨૦૨૫/૨૮૧૬૧–૨૩૭/તા.૧૨/૬/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જે તે શાળાના નામાંકન મુજબ મંજૂર થયેલ બજેટ પૈકી વર્ષ: ૨૦૨૫-૨૬માં હાલના તબકકે પ્રથમ હપ્તાની ૫૦ ટકા ગ્રાન્ટ/ લિમીટ જિલ્લા કક્ષાએથી શાળાઓને ફાળવણી કરવામાં આવેલ છે.

શાળાઓને ફાળવવામાં આવેલ સંયુક્ત શાળા ગ્રાન્ટમાંથી તે ગ્રાન્ટના વપરાશ અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકા/ સુચના પણ મોકલવા આવેલ છે.

અત્રે જણાવવાનું કે, ઉનાળુ વેકેશન બાદ તા.૦૯, જૂન-૨૦૨૫થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થયેલ છે. જેથી શરૂઆતના દિવસોમાં શાળામાં ઉપલબ્ધ વપરાશયુકત શૌચાલય, સેનીટેશન સ્વચ્છતા તથા શાળાના બહાર/મેદાનની સ્વચ્છતા વગેરે કરવી આવશ્યક અને અનિવાર્ય જણાય છે. વધુમાં આગામી તા.૨૬ થી ૨૮, જૂન દરમ્યાન શાળા પ્રવેશોત્સવ પણ આયોજિત થનાર છે.

ઉક્ત બાબતો જોતાં,

રાજય કક્ષાએથી જિલ્લા મારફતે તમામ શાળાઓને તેમના નામાંકન આધારે ફાળવેલ ૫૦ ટકા ગ્રાન્ટમાંથી જૂન-૨૦૨૫માં શાળા સંયુકત ગ્રાન્ટના ઓછામાં ઓછા ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ શાળા સ્વચ્છતા એકશન પ્લાનને લગતી પ્રવૃત્તિઓ માટે કરવા, જે માટે નીચે મજબની પ્રવૃત્તિઓ કાર્યવાહી અન્વયે ખર્ચ કરવા આપની કક્ષાએથી તમામ શાળાને જાણ કરવા જણાવવામાં આવે છે.

(૧) શાળાને ફાળવેલ પ્રથમ હપ્તાની ૫૦ ટકા ગ્રાન્ટમાંથી ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ શાળાના શૌચાલય, પીવાના સ્વચ્છ પાણી સહિત, શાળાઓની જાળવણીની સુવિધા હાથ ધરવી, સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા તથા સ્વચ્છતા એકશન પ્લાન હેઠળની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

(૨) શાળા સેનીટેશન અને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો, હાથ ધોવા સાબુ, સંચાલન અને જાળવણી, વર્તણૂંક પરિવર્તનની (બીહેવીયર ચેન્જ પ્રવૃત્તિઓ), શ્રમ નિર્માણ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

<u>ખાસ નોંધ: શાળાને ઉકત પ્રવૃત્તિઓ માટે જરૂરીયાત જણાયે તેમની શાળાના નામાંકન મુજબ મળનાર કુલ સંયુકત શાળા ગ્રાન્ટના ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ શાળા કરી શકશે. (દા.ત. શાળાના કુલ ૫૦,૦૦૦/ ગ્રાન્ટ મળવાની હોય તો તેના ૧૦ ટકા ગ્રાન્ટ હાલમાં ફાળવેલ ગ્રાન્ટ માટે કરી શકશે.)</u>

શાળા સ્વચ્છતા એકશન પ્લાનને લગતી ઉકત પ્રવૃત્તિઓના ગ્રાન્ટ વપરાશ અંગે રાજ્યના તા.૨૩/૦૭/૨૦૨૪ ના પત્રથી આપેલ માર્ગદર્શિકાના મુદ્દા (એ) થી (ડી)ને અનુસરવાનું રહેશે.

19/6/25

Scanned with OKEN Scanner

ઉક્ત તમામ પ્રવૃત્તિઓ પ્રત્યેક શાળાએ તા.૨૫, જૂન સુધીમાં પૂર્ણ કરવા તેના ખર્ચના હિસાબો જે તે સ્ત મોકલી આપવા આપની કક્ષાએથી જાણ કરીને, પ્રવૃત્તિઓની અમલવારી નિશ્ચિત કરવાની રહેશે.

શાળા કક્ષાએ ઉક્ત પ્રવૃત્તિઓ કરીને તે અંગે થયેલ ખર્ચના હિસાબો સીઆરસી મારફતે મેળવીને તેની એકંદરી બીઆરસી કક્ષાએ કરીને અત્રે મોકલી આપવાનું રહેશે જેથી તેનો ખર્ચ બુક કરવાની કાર્યવાહી કરી શકાય. આ અંગે થયેલ ખર્ચના હિસાબો નીચેના પત્રકમાં જિલ્લા પ્રોજેક્ટ કચેરીને તા.૨૭, જૂન ૨૦૨૫ સુધીમાં બિનચૂક મોકલી આપવાનું રહેશે.

એલીમેન્ટ્રી શાળા અને સેકન્ડરી શાળા માટે થયેલ કુલ ખર્ચ

એકંદરી પત્રક (એ)

| તાલુકો | બજેટ મુજબ કુલ શાળાની સંખ્યા | કુલ બજેટ (રૂ.લાખમાં) | ૫૦ ટકા મુજબ ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | તા.૨૫, જૂન સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | શાળા કક્ષાએ ૨૫, જૂન અંતિત જમા ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

એલીમેન્ટ્રી શાળા માટેની ૫૦ ટકા ગ્રાન્ટમાંથી સંયુક્ત શાળા ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ

પત્રક (બી)

| તાલુકો | બજેટ મુજબ કુલ એલીમેન્ટ્રી શાળાની સંખ્યા | કુલ બજેટ (રૂ.લાખમાં) | ૫૦ ટકા મુજબ ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | તા.૨૫, જૂન સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | શાળા કક્ષાએ ૨૫, જૂન અંતિત જમા ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

સેકન્ડરી શાળા માટેની ૫૦ ટકા ગ્રાન્ટમાંથી સંયુક્ત શાળા ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ

પત્રક (સી)

| તાલુકો | બજેટ મુજબ કુલ સેકન્ડરી શાળાની સંખ્યા | કુલ બજેટ (રૂ.લાખમાં) | ૫૦ ટકા મુજબ ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | તા.૨૫, જૂન સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | શાળા કક્ષાએ ૨૫, જૂન અંતિત જમા ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

(એમ.આર.પાંડે)
**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર**
**અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**સમગ્ર શિક્ષા, જિ.વડોદરા**

(એમ.આર.પાંડે)
**જિલ્લા શિક્ષણાધિકારી**
**વડોદરા**

**નકલ સવિનય રવાના જાણ સારૂં.:-**

(૧)માન.સચિવશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૯, ગાંધીનગર
(૨)માન.સચિવશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર

**નકલ જાણ આનુસાંગિક કાર્યવાહી તથા અમલવારી સારૂં.:-**

(૧)મદદનીશ જિલ્લા કો.ઓ.શ્રી, ક્યુઈએમ(ADPC, TT), અત્રેની કચેરી
(૨)મદદનીશ કો.ઓ.શ્રી, (સેકન્ડરી), સમગ્ર શિક્ષા, ડીઈઓ કચેરી, વડોદરા
(૩)એકાઉન્ટ ઓફિસરશ્રી, અત્રેની કચેરી

Scanned with OKEN Scanner

**<u>નકલ રવાના જાણ તથા અમલ સારું:</u>**

(૧) મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, જિ.વડોદરા
(૨) બીટ કેળવણી નિરીક્ષકશ્રી તમામ, જિ.વડોદરા
(૩) સીઆરસી કો–ઓર્ડિનેટરશ્રી તમામ, જિ.વડોદરા

જા.નં.ક–૩/૫૨ચ/૨૦૨૫–૨૬/૫૯૩૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી મા.અને ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા